# ગાંધીનો દાંડી પીટનારો

--મહાવીર ત્યાગી

પહેલા વીશ્વયુદ્ધમાં ફૌજી નોકરીમાં મને ઈરાન મોકલવામાં આવ્યો હતો. ત્યાંથી બલુચીસ્તાન આવ્યો અને ૧૯૨૦માં અમે દેશ ભેગા થયા કે તરત જ હું ગાંધીજીને મળવા સીધો અલ્હાબાદ પહોંચ્યો. ત્યારે ખાદીનાં કપડાં સીવડાવી લેવા જેટલો પણ હું થોભ્યો નહોતો. છાપામાં ગાંધીજીની અપીલ વાંચી હતી એટલે નોકરીનું રાજીનામું આપીને જ આવ્યો હતો. આનંદભવનમાં પંડીત મોતીલાલ નહેરુ, મહાત્મા ગાંધીજી અને મૌ. મહમદઅલી-શૌકતઅલી અંદરઅંદર ચર્ચા કરી રહ્યા હતા; છતાં મને એમની સમીપ જવાની રજા મળી ગઈ. ત્યાં બેસવા માટે ખુરશી આપી એટલે તરત જ મહાત્માજી આગળ મારો બધો વૃત્તાંત કહી નાખ્યો. છેવટે પ્રાર્થના કરી : 'મને કાંઈ કામ બતાવો.'

ગાંધીજી હસીને બોલ્યા : 'જે કામ બતાવું તે કરશો?'

મેં કહ્યું : 'જરુર કરીશ.' એટલે ગાંધીજીએ જણાવ્યું : 'જાવ, એક નગારું ખરીદી દાંડી પીટજો.'

મેં નમસ્કાર કર્યા અને પાછો આવ્યો. મનમાં વીચાર્યું કે કામ તો સહેલું છે ! એમાં કંઈ બુદ્ધીની ખાસ જરુર પણ નથી. ફક્ત એક નગારું ખરીદી લાવવાની વાર છે-પછી દાંડી પીટી દઈશ. શેની દાંડી પીટીશ તેનો વીચાર કરતો હું ઘરે પહોંચ્યો. ઘરે પહોંચ્યા પછી ગાંધીજીની આજ્ઞા મુજબ ખરેખર દાંડી પીટવા માંડી. ત્યારથી તે આજ દીન સુધી મારું કામ કૉંગ્રેસની દાંડી પીટવાનું રહ્યું છે. હવે તો મને પણ સમજાય છે કે જે કામ મને સોંપવામાં આવ્યું હતું તે કામ ભારે જવાબદારીવાળું અને સારું હતું. એ કામ કરતાં કરતાં તો હું નેતા બની ગયો છું.

પહેલાંના જમાનામાં મહેતર લોકો દાંડી પીટવાનું કામ કરતા હતા. એટલે જ્યારે એ કામ મેં ચાલુ કર્યું ત્યારે એ કામને મહત્ત્વ મળી ગયું. જ્યાં ચાર રસ્તા મળ્યા કે એક મુડો મુકતો ને એના પર હું ઉભો થઈ જતો. કાં તો ઢોલ બજાવતો; કાં તો બ્યુગલ ફુંકતો ને કાં તો ઘંટ વગાડતો. એનાથી ભીડ થઈ જતી. પછી મહાત્મા ગાંધીજીની આજ્ઞાઓનો પ્રચાર શરુ કરતો. ભીડ વધવા માંડી ત્યારે પતરાનું ભુંગળું લઈ આવ્યો; કેમ કે એની મદદથી અવાજ દુર સુધી પહોંચતો. થોડા જ દીવસોમાં મારા શહેરના લોકો મને ઓળખી ગયા. બજારના લોકો તો ચહેરા પરથી ઓળખી શકતા; પરંતુ દુર છાપરાં અને અગાસીઓ પર બેસીને સાંભળતી બહેનો તો મારા માથાની તાલ પરથી મને ઓળખતી થઈ. કોઈ પણ આગેવાન માટે આટલી વાત ઘણી મોટી હતી કે ચારે તરફથી લોકો એને ઓળખી લે. મારી આગેવાનીની શરુઆત દાંડી પીટવાથી થઈ.

### જવાહરલાલનું ધોતીયું

સન ૧૯૨૧માં ખાદી મળે; પણ ૩૦ ઈંચના પનાની. ઉત્તરપ્રદેશની સ્ત્રીઓને જાડું સુતર કાંતવાની ટેવ હતી. અમે બધા ઘુંટણ સુધીનું ધોતીયું પહેરીને ચલાવતા. નાહ્યા પછી તેને નીચોવવા કોઈ સાથીને મદદમાં બોલાવવો પડતો. અથવા એક તરફનો છેડો પગ નીચે દબાવી, પાંચ ઈંચનું આ જાડું દોરડું આમળવું પડતું. એ દીવસોની વાત છે- ગાંધીજીએ જ્યારે કૉંગ્રેસના એક કરોડ સભાસદ નોંધવાનો અને તીલક સ્વરાજ ફંડમાં એક કરોડ રુપીયા એકઠા કરવાનો આદેશ આપ્યો હતો, એ વર્ષે અમારી પ્રાંતીક સમીતીના મંત્રી હતા સ્વ. કપીલદેવ માલવીય, શ્રી. ગૌરીશંકર મીશ્ર, શ્રી. જીયારામ સક્સેના અને જવાહરલાલ નેહરુ.

એ દીવસોમાં બીજનૌર જીલ્લામાં મારું કાર્યક્ષેત્ર હતું. અમારા બધામાં વધારેમાં વધારે ફેશનેબલ તરીકે જવાહરલાલને ગણવામાં આવતા. એ જ્યારે બીજનૌરમાં ફરવા આવ્યા, ત્યારે એમણે

જે ધોતીયું પહેરેલું હતું તે દોઢ પનાનું હતું. ૩૦ ઈંચ પનાના થાનમાં પંદરથી અઢાર ઈંચનો એક બીજો પટ જોડેલો હતો. એથી એમનું ધોતીયું નીચે ઝુલે એવું બન્યું હતું અને છેક ઘુંટીની નીચે સુધી પહોંચતું હતું. ત્યારે પાંચ વારનું પહેરવાનો સામાન્ય રીવાજ હતો, ચાર વારનું ધોતીયું ચાલુ થયું નહોતું. જવાહરલાલ પણ પાંચ વારનું ધોતીયું પહેરતા અને બંગાળીઓની માફક સામે પાટલીની કલ્લી ઝુલતી રાખવાને બદલે એના વડે ભેટ બાંધી દેતા. એમનું જોઈ અમે પણ દોઢ પટનાં ધોતીયાં સીવડાવી લીધાં. મને બરાબર યાદ છે કે લોકો કૉંગ્રેસના સભાસદ થતાં ઘણા ગભરાતા હતા. પચાસ ઘર ફરીએ ત્યારે માંડ ચાર-પાંચ સભાસદો નોંધી શકાતા. સવારથી સાંજ સુધી ફરતા રહેતા અને ચાર-પાંચ જણાને પણ નોંધી શકતા તો અમે ધન્ય બની જતા. શહેરમાં જેટલા સભાસદ થાય તેમનાં નામ અમને મોઢે રહેતાં.

જવાહરલાલ નેહરુના આવવાથી અમારી હીંમત વધી ગઈ. એ અમારી સાથે કૉંગ્રેસના સભાસદ નોંધવા નીકળી પડ્યા. એક દુકાને ફાળો ઉઘરાવા એમણે એમનું પહેરણ સામે ધરી દીધું - જાણે ભીક્ષા માગતા હોયને ! એની એવી તો અસર થઈ કે, અમે ગાંડા જેવા થઈ ગયા. અમે બધા દીવસ અને રાત, રાત અને દીવસ કામ કરતા હતા. ત્યારે મોટરોનો રીવાજ નહોતો. ઘણું કરીને પગે ચાલીને જ અમે ફરતા. આપણા વડાપ્રધાન નેહરુને અમારી સગી આંખે સાધારણ ચંપલ પહેરીને રાયબરેલી, પ્રતાપગઢ, વગેરે ક્ષેત્રોનાં ગામેગામ અને જંગલ કે ઝાડીઓમાં પગે ચાલીને જતા જોયા છે. કેવો જુસ્સો હતો, કેવો ઉમંગ હતો કેવો ઉત્સાહ હતો ! વીદ્યાર્થીઓનાં ટોળેટોળાં એમનું ભાવી મુઠીમાં લઈ ઉલટભેર કૉંગ્રેસની આગેવાની નીચે સ્વાતંત્ર્યના આંદોલનમાં ભાગ લેવા આવતાં હતાં.

એ આંદોલનના પ્રતાપે જ આજે આપણો દેશ સ્વતંત્ર થયો છે. મારું એ કહેવું છે કે જ્યારે પણ કોઈ સાર્વજનીક આંદોલન શરુ કરવું હોય ત્યારે એને માટે નાનામાં નાનું કામ કરવામાં અપમાન ના સમજવું જોઈએ. જઈને જુઓ દુનીયાભરમાં, ફાવે તો ઈતીહાસોમાં જોઈ લો. આ સંસારમાં જેટલાં પણ મહત્ત્વનાં આંદોલનો ચાલ્યાં છે; પછીએ ગૌતમ બુદ્ધે ચલાવ્યું હોય કે ઈસુ ખ્રીસ્તે કે મહંમદ પયગંબરે કે પછી રાજકારણમાં પડેલા નેતાઓએ ચલાવ્યું હોય, એ બધાં આંદોલનો ભીક્ષુઓની મારફ્તે ચાલ્યાં, ત્યાગના બળ ઉપર ચાલ્યાં છે, ભુખે પેટે અને પગે ચાલીને થયાં છે. મોટરો, હૉટેલો અને 'મટનચૉપ' મારફ્તે પણ પ્રચાર તો થઈ શકે છે; પરંતુ એ પ્રચાર સાર્વજનીક બની શકતો નથી. અને એમાંથી સમુહ આંદોલન સંભવતું પણ નથી. મારો અનુભવ છે કે દાંડી પીટવા જેવાં નાનાં કામમાંથી એક વ્યક્તી ઉંચું પદ મેળવી શકે છે-શરત એટલી કે એ એમાં રત થઈ જવો જોઈએ.

આજે તો હું ભારતનો રક્ષા-સંગઠન મંત્રી છું. એમ છતાં બેચાર દીવસ પહેલાં જ દહેરાદુનમાં ઢોલ બજાવીને જગ્યાએ જગ્યાએ જાહેરાત કરતો ફર્યો છું કે, 'આપણા નગરમાં જવાહરલાલ નેહરુ પધારે છે. સહુ ભાઈ-બહેનોએ પુષ્પમાળા લઈ સડકોની બન્ને બાજુએ ઉભા રહી એમનું સ્વાગત કરવું જોઈએ-એમનાં દર્શન કરવાં જોઈએ. એમની મોટર હું ધીરેધીરે ચલાવરાવીશ, જેથી આપ લોકો પેટ ભરીને એમનાં દર્શન કરી શકો.' દાંડી પીટવાનો પોર્ટફોલીયો તો મને મહાત્મા ગાંધીજીએ સોંપ્યો છે અને મીનીસ્ટ્રી જવાહરલાલની આપેલી છે. જો આ બે વચ્ચે ક્યારેય પણ ઝઘડો થશે તો જવાહરલાલનો પોર્ટફોલીયો છોડી શકાશે, ગાંધીજીએ આપેલો નહીં છુટે.

--સ્વ. મહાવીર ત્યાગી

લેખકના 'નગારખાનામાં તતુડીનો અવાજ' (પ્રકાશકઃ સસ્તું સાહીત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, પ્રથમ આવૃત્તી : ૧૯૬૨, ત્રીજી આવૃત્તી : ૨૦૦૧,

પાન :૧૫૨, મુલ્ય : રુપીયા : ૨૦, પ્રાપ્તીસ્થાન : લોકમીલાપ ટ્રસ્ટ, ભાવનગર : lokmilaptrust@yahoo.com ) પુસ્તકના પાન ૬૮ ઉપરથી સાભાર..

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : 144 -- March 09, 2008
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફૉન્ટમાં અક્ષરાંકન : અક્ષરાંકનઃ uttamgajjar@hotmail.com

*ઉપરોક્ત પુસ્તકની લેખકની પ્રસ્તાવનામાંથી જ*

## લેખકનો પરીચય

(જન્મ : ૧૯૦૦ - ભારતીય સ્વાતંત્ર્યસેનાની અને રાજનીતીજ્ઞ)

થોડા દીવસો પહેલાં ‘વે ક્રાંતી કે દીન’ (ગુજરાતીમાં : ‘સ્વરાજની લડતના તે દીવસો’ પ્રકાશક મુલ્ય વગેરે બધી વીગતો ઉપર મુજબ) નામનું મારું પુસ્તક છપાયું છે. એ વાંચીને ઘણા વાચકોએ મને પત્રો લખ્યા. તેમાં મોટા ભાગના લોકોએ જણાવ્યું છે કે, ‘હાથમાંથી ચોપડી છુટતી નથી’ અને ‘આંખોમાં આંસુ આવી ગયાં.’ ખરેખર હું એવો અભાગી છું કે જીંદગીભર રોતો રહ્યો. મારી પ્રીય **શર્મદા** પણ રડતી-આંસુ વહાવતી દેહ છોડી ગઈ. પુસ્તક લખ્યું તો વળી વાચકોને રડાવ્યા.

હું આવો અપશુકનીયાળ તો છું જ; પરંતુ તમારી દયાને પાત્ર પણ છું. આ પુસ્તકમાં થોડી હસવાની વાત પણ લખી છે; તો પણ જેના મનમાં હાસ્ય નથી તે બીજાને શું હસાવવાનો હતો? હું તો એમ માનતો ગયો છું કે રડવું એ મનુષ્યની પરમ પવીત્ર ભાવના છે. જનમ્યા ત્યારથી આપણે સૌ રડતા આવ્યા છીએ અને મરીશું ત્યારે સૌને રડાવતા જઈશું. માતાને સારુ બાળક રડે છે અને બાળકનું કષ્ટ જોઈ મા રડી ઉઠે છે. માટે આંસુઓની અવગણના ન કરવી. જેની આંખમાં આંસુ નથી તે મનુષ્ય નહીં પણ પશુ છે. અને પોતાનાં કષ્ટને બદલે બીજાનાં દુઃખ જોઈ રડવામાં ‘પુજા’નું પુણ્ય રહેલું છે.

આ પુસ્તકમાં શહીદોની પણ થોડી ચર્ચા છે. આશા છે વાચકો-ખાસ કરી બહેનો- એને પસંદ કરશે.

--મહાવીર ત્યાગી
સપ્ટેમ્બર ૧૯૬૩

## સંસદભવનમાં..

◆

◆ચીને તીબ્બત પર આક્રમણ કર્યું ત્યારે હીમાલયનો કેટલોક પ્રદેશ પચાવી પાડ્યો. એ અંગે સંસદમાં ઘણો ઉહાપોહ થયો. અને વીપક્ષી સાંસદોએ **વડા પ્રધાન નેહરુ**ની ઢીલાશ અને નીષ્ક્રીયતાની તીખી આલોચના કરી. એનાથી ઉશ્કેરાઈ ગયેલા નેહરુએ આવેશમાં કહ્યું, ‘મને એ સમજાતું નથી કે જે જમીન પર ઘાસનું એક તણખલુંય ઉગતું નથી એના માટે તમે સૌ આટલો હોબાળો શા માટે કરો છો?’ એ સાંભળીને **મહાવીર ત્યાગી** સીધા-સટાક ઉભા થઈ ગયા અને પોતાની ટોપી ઉતારીને બોલ્યા, ***‘પંડીતજી ! આ જુઓ મારી ટાલ! અહીં એક પણ વાળ ઉગતો નથી. એ કારણે શું માથું કપાઈ જવા દઉં?’***

સંસદભવન અટ્ટહાસ્યથી ગુંજી ઉઠ્યું. અનેક સાંસદોએ પાટલી થપથપાવીને તેમને વધાવી લીધા. (પાન : ૧૯૫)◆

◆◆

◆◆ કારનીર્માતા હેનરી ફોર્ડની પચાસમી લગ્નતીથી પ્રસંગે કોઈએ તેમના લગ્નજીવનની સફળતાનું રહસ્ય પુછ્યું.

તેમણે હસતાં હસતાં જવાબ આપ્યો : 'મોટરકારની બાબતમાં જે સુત્ર લાગુ પડે છે તે લગ્નજીવનની બાબતમાં પણ બંધબેસતું આવે છે : *'એક જ મૉડેલને વળગી રહો.'* (પાન : ૧૬૪) ◆◆

◆◆◆

◆◆◆ ગાંધીયુગના સ્વાતંત્રસેનાની ભુલાભાઈ દેસાઈએ ઘણી ઓછી ઉંમરમાં જ વકીલાત ચાલુ કરી દીધી હતી. આથી, કોર્ટમાં અન્ય વકીલો અને જજોની સામે તેઓ તો છોકરડા જેવા જ દેખાતા.

તેમને જોઈને એક અંગ્રેજ જજને મશ્કરી સુઝી : 'મી. ભુલાભાઈ !' તેમણે કહ્યું, 'યુ આર અ ચાઈલ્ડ ઈન લૉ.'

'યુ આર રાઈટ, માય લૉર્ડ !' તેમણે તરત જ જવાબ આપ્યો, *'આઈ એમ અ ચાઈલ્ડ ઈન લૉ એન્ડ યુ આર અ ફાધર-ઈનલૉ !'* અને મલકવા લાગ્યા. (પાન : ૧૬૯) ◆◆◆

-'વીશ્વના અમર હાસ્ય પ્રસંગો' (લેખન : પ્રકાશ વેગડ, પ્રકાશક : આર.આર.શેઠની કું. - sales@rrsheth.com -પૃષ્ઠ : ૨૩૩, મુલ્ય : ૮૦ રુપીયા)માંથી સાભાર...

◆◆◆

૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણને બે વરસ પુરાં થયાં. આ બે વરસમાં 7,35,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaraitleixcon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

*વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે* http://www.gujaraitleixcon.com *ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.*

આપ સૌના સહયોગ થકી 'સન્ડે ઈ-મહેફીલ'ના 8,200 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે.

સૌનો આભાર...અમારી 'સન્ડે ઈ-મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaraitleixcon.comi/ndex.php?aciton=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકૉન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●




નીર્મીશ ઠાકર

સુરતનીવાસી કાર્ટુનીસ્ટ ભાઈશ્રી. નીર્મીશ ઠાકરના પુસ્તક : 'કાર્ટુનાય નમઃ' (પ્રકાશક-નવભારત સાહીત્ય મંદીર, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-380 001, પ્રથમ આવૃત્તી : 2003, મુલ્યઃ રુપીયા 100)ના પાન : 40 ઉપરથી સાભાર.. **eMail : nirmish1960@hotmail.com**


'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 144 -- March 09, 2008

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : અક્ષરાંકનઃ uttamgajjar@hotmail.com


◆ ● ◆